૬. તેથી તે સુતો, પોતાના હાથનો તકીઓ કરીને તે પર માથું મુક્યું ને તરત ઘસઘસાટ ઉંઘમાં પડયો. દશ મીનીટ, વીશ મીનીટ, એક કલાક બે કલાક જતા રહ્યા. પછી એક કાગડો નીચે ઉડીને આવ્યો, પેટીપર બેઠો ને તે પર ચાંચ મારવા લાગ્યો. પોતે તે ઉઘાડી શકતો નથી એવું માલમ પડવાથી તે કાગડાએ બીજા કાગડાને લાવીને તેને મદદ કરવાને કા કા કીધું. આ કાગડાના અવાજથી તે સીપાઇ જાગી ઉઠયો. તે કુદીને બેઠો થયો, બગાસું ખાધું, પેટી લીધી ને ઓફીસ તરફ ચાલતો થયો.

૭. પણ પાંચ વાગી ગયા હતા. કલાર્કે પેટી લીધી, તે ઉઘા-ડીને પોતાના શેઠના હુકમ વાંચ્યા. કાગળોની નકલ કરીને તેને એકદમ દુરના કસબામાં મોકલી દેવા એવા હુકમ હતા. ટપાલ પાંચ વાગતે નીકળી જતો હતો અને ઘણીવાર થઈ ગઈ હતી. તે વકીલ પોતાનો દાવો હાર્યો કારણકે કાગળો વખતસર તે કસબામાં પહોંચ્યાં નહિ.

## ૧૨. હોંશીઆર જેક.

૧. હોંશીઆર જેક દશ વરસનો હતો. તેની નાની બહેન નાન

જે માત્ર નવ વરસની હતી તેને ખીજવવી એ ઘણું સારૂં છે એમ તેણે વિચાર્યું.

૨. બે નાની રોટલી હમણાંજ આવી હતી, તેથી હોંશીઆર જેક પોતાની બ્હેન પાસે લઈ ગયો ને બુમ પાડીને કહ્યું, નાન જો, આ ત્રણ રોટલી!

૩. નાને કહ્યું. બે રોટલી! જેકે કહ્યું, નહિ, ત્રણ. નાને કહ્યું, હું માત્ર બે જોઉં છું. જેકે કહ્યુ, તેનું કારણ એ કે તું છોકરી છે, હું તને તે સાબિત કરી આપીશ.

૪. જો, આ એક સંખ્યા રહી, તે પ્રમાણે બીજી સંખ્યા બે ખરેખર હોવી જોઇએ. તું સારી રીતે જાણે છે તેમ એક ને બેનો સાથે સરવાળો કર્યો હોય તો ત્રણ થાય છે.

૫ પણ ગરીબ નાની નાન માત્ર બે જોઈ શકતી હતી. તેથી તે રડવા મંડી, તેના બાપે સાંભળ્યું ને શું કારણ છે તે પુછવાને આવ્યા.

૬. જેક ઘણું મોટેથી હસ્યો ને તેના બાપને તેનું કારણ શું હતું તે કહ્યું. તેના બાપે કહ્યું, શાબાશ મારા છોકરા, બેશક ત્રણ રોટલી છે.

૭. તેથી એક સંખ્યા નાનને માટે, બીજી સંખ્યા મારે માટે છે ને મારા નાના હોંશીઆર છોકરા તું ત્રીજી સંખ્યા આનંદથી ખાજે.

## ૧૩. ઝાડ.

૧. આપણે ઘણા દુર ચાલી આવ્યા છીએ. મને ઘણો થાક લાગ્યો છે. તું પણ થાકી ગયો હશે? કેવો તાપ પડે છે? મારાથી વધારે ચાલી શકાતું નથી. ચાલો આપણે બેસીએ ને આ ઝાડની નીચે આરામ લઈએ.

૨. અહિંઆ સુંદર ને ઠંડું છે. સૂર્યનો તડકો આપણને પહોંચશે નહિ, કારણકે ઝાડનાં ઘીચ પાંતરાં તેને આવવા દેતા નથી. મારી પાસે મારા ગજવામાં થોડા મમરા છે. ચાલો આપણે તેમાંથી થોડા ખાઇએ. તમારે માટે થોડાક આ રહ્યા.

૩. આ કેવું જુનું સુંદર ઝાડ છે? હું ધારૂં છું કે સો વરસનું હશે. થડ કેવું જાડું છે? બધી બાજુએ કેટલે દુર ડાળીઓ પથરાઈ છે! તે આપણને ઘરનાં છાપરાંની માફક ઢાંકી દે છે. ડાળીઓ વચમાંથી જાડાં થડથી ઉંચકાઇ રહી છે.

૪. પાંતરાં કેવાં સુંદર દેખાય છે? હમણાં તે ચકચકિત ને લીલાં છે. પણ થોડા વખતમાં તે પીળાં ને બદામી થઇ જશે. પછી તે તદ્દન સુકાઇ જશે ને જમીનપર પડી જશે. પાંતરાં માત્ર એક વરસ જીવતાં રહેશે. પછી તે ખરી પડશે ને તાજાં પાંતરાં તેની જગ્યાએ ફુટી નીકળશે.

૫. શું ઝાડને કોઇ રીતે ખોરાક મળી શકે છે?

૬. હા, તમે ઝાડના કેટલાક ભાગને જોઇ શકતા નથી. તે જમીનમાં ઉંડાં જાય છે. આ ભાગને ઝાડનાં મુળીઆં કહે છે. એક મોટું મુળીઉં હોય છે જેવી રીતે જમીન ઉપર થડને તેમાંથી નીકળેલી ઘણી ડાળીઓ હોય છે તેમ તેમાંથી નીકળેલાં ઘણાં નાનાં મુળીઆં હોય છે.

૭. આ મુળીઆં પૃથ્વીમાંથી ખોરાક ચુસી લે છે. ખોરાક ઝાડમાં જાય છે ને તેને મજબુત બનાવે છે.

૮. મુળીઆં પૃથ્વીમાંથી ઝાડને માટે ખોરાક મેળવે છે એટલુંજ નહિ પણ તે દોરડાં જેવાં હોય છે જે જમીનમાં ઝાડને મજબુત પકડી રાખે છે અને તેને પવનથી પડી જતાં બચાવે છે.

## ૧૪. સિંહ ને ઉંદર.

૧. એક ઉંદરે એક દીવસ સહેલ કરવા બહાર જવાથી સૂર્યના તડકામાં એક સિંહને ઉંઘતો પડેલો જોયો. તે તેની પીઠ ઉપર કુદતો ને તેની યાળમાં સંતાઇ જતો. તે તેના નાકપર વારંવાર કુદતો. એટલામાં તેણે તેની આંખ ઉઘાડી તેથી તે અચંબો પામ્યો. ને બીજી વાત તેણે જે કરી તે તેનું જડબું ઉઘાડવાની ને તેના એક પંજાથી તેને મજબુત પકડવાની હતી.

૨. તે ગરીબ નાનો ઉંદર ધાસ્તીનો માર્યો લગભગ મરી ગયાં જેવો થયો, તદ્દન ધ્રુજતો થરથર કાંપતો બુમ પાડી ઉઠયો. ઓ રાજા

માફ કરો, અને મહેરબાની કરીને માફી આપો, અરે મારી જીંદગાની બચાવો, અરે મને જીવવા દો. મારે માત્ર થોડું રમવાની મરજી હતી, કદી ફરીથી તમારે આડે આવીશ નહિ ને કદાચ કોઇ દીવસ હું તમને મદદ કરીશ.

૩. તે મોટો સિંહ હસ્યો. તેણે કહ્યું કે આવું નાનું પ્રાણી સિંહને કદી બીલકુલ મદદ કરી શકે ? પણ તેણે તેનો પંજો ઉઘાડયો અને તે દોડી ગયો ને દીવસના બાકીના ભાગ માટે તેના દરમાં ભરાઇ રહ્યો.

## ભાગ બીજો.

૪. એવું બન્યું કે પોતાના શીકારને માટે ફરતાં તે સિંહ એક દીવસ જાળમાં સપડાયો. જ્યારે તેને માલમ પડયું કે જાળ હું તોડી શકતો નથી ત્યારે જ્યાં સુધી તેણે જંગલ ધ્રુજાવી મુકયું ત્યાં સુધી તેણે ગર્જના કરી. શીકારીઓએ તેને ઝાડ સાથે બાંધ્યો ને જેટલું બની શક્યું તેટલા જોરથી તેને મજબુત બાંધ્યો, તેઓએ વિચાર્યું કે બીજે દીવસે પોતાના ધણી રાજા પાસે તે પ્રાણીને બંધીવાન કરીને લઈ જઈશું.

૫. પણ રાતમાં તેઓ ઉંઘતો હતા ત્યારે તેણે કોઈ પેટ ઘસડીને આવતું હોય તેના જેવો અવાજ સાંભળ્યો. અને પછી એક નાનો ચહેરો ડોકીઆં કરતો આવ્યો અને એક નાનો નબળો ચું ચું કરતો અવાજ એવું કહેતાં સંભળાયો કે તે દીવસે તેં મારી જીંદગાની બચાવી હવે હું શું કરૂં છું તે તમે જોશો અને તે નાના ઉંદરે તે દોરડાને છેક આરપાર કાતરી નાંખ્યું. અને હવે તેણે કહ્યું કદાચ તમે જોઇ શકશો કે નાના મિત્રો કેવા ઉપયોગી હોઈ શકે ?

## ૬૫. આપણા નોકરો.

૧. દાસ ને વેંકટ નામના બે છોકરા એકજ નિશાળે જતા. વેંકટ એક પૈસાદાર માણસનો છોકરો હતો. તે મોટા ઘરમાં રહેતો, ને સોનાની કલ્લી પહેરતો. દાસ એક ગરીબ માણસનો છોકરો હતો. તે એક નાના ઘરમાં રહેતો અને તેને મા કે બહેન ન હોવાથી તે પોતાના બાપને માટે ખોરાક રાંધતો.

૨. એક દીવસે જ્યારે નિશાળમાંથી છુટી મળી ને તેઓ તરતજ ઘેર જતા હતા તેવામાં વેંકટે દાસને કહ્યું કે દાસ તું એમ નથી ઇચ્છતો કે મારા જેવો પૈસાદાર થાઉં? હું એક સુંદર ઘરમાં રહું છું ને મારે ત્રણ ચાકર છે. તે મારી તહેનાતમાં રહે છે. જ્યારે જ્યારે હું તેને કહું ત્યારે ત્યારે તેઓ મારે માટે કરે છે.

૩. દાસે કહ્યું એ કાંઇ કામનું નહિ. મારે દશ ચાકર છે જે મારી તહેનાતમાં રહે છે ને મારા હુકમને તાબે થાય છે.

૪. વેંકટે કહ્યું અરે, શું તું કહે છે કે મારે દશ ચાકર છે? તું કેવું જુઠું બોલે છે? મેં ધાર્યું કે તું સાચાબોલો છોકરો છે દરેક માણસ જાણે છે કે તારે એક પણ ચાકર નથી.

૫. નિશાળના મહેતાજી પાસે ઉભા હતા. છોકરાએ જે કહ્યું તે તેણે સાંભળ્યું હતું. તે જાણતા હતા કે દાસ સારો છોકરો છે ને તે જુઠું કહેતો નથી. તેથી તેણે બે છોકરાને બોલાવ્યા ને માયાળુભરેલી રીતે કહ્યું દાસ આમ કેમ! શું કોઇએ તારા બાપને પૈસાની મોટી રકમ આપી છે ને તે હવે વેંકટના બાપ કરતાં વધારે પૈસાદાર છે? એમ જો ન હોય તો તારા બાપને દશ ચાકર કેમ હોઇ શકે? અથવા તું રમુજમાં માત્ર પતરાજી કરે છે?

૬. દાસ હસ્યો ને કહ્યું, ના સાહેબ. હું સાચું કહું છું. મારે દશ ચાકર છે જે મારા હુકમ માને છે. વેંકટના ચાકરો વારંવાર માનતા નથી. જ્યારે તેમની મરજી હોય ત્યારે તેને છોડીને જાય. તેઓ આળસુ થાય ને તેનું કામ બરાબર કરે નહિ. મારા ચાકરો તેના જેવા નથી. તેઓ મારૂં કહેલું કરવાને હમેશા તૈયાર હોય છે. મારા કોઇપણ ચાકરે મેં તેને જે કરવાનું કહ્યું તે તેઓએ કર્યું નહિ એવું એક પણ વખત બન્યું નથી.

૭. પછી મહેતાજીએ કહ્યું આ ઘણી રમુજી વાત છે. પણ મહેરબાની કરીને તમારા ચાકરનાં નામ કહેશો. વેંકટે કહ્યું. હા તેઓનાં નામ કહો.

૮. દાસે કહ્યું મારા દશ ચાકર છે. તેઓમાનાં બે મારા પગ છે, બે મારા હાથ છે, બે મારા કાન છે, ને બે મારી આંખ છે. આ મળીને આઠ થાય છે. હવે મારૂં નાક ને મોઢું છે.

૯. જો મારી મરજી કોઇ ઠેકાણે જવાની થાય છે ત્યારે હું મારા પગને કહું છું કે મને ત્યાં લઇ જા. તરતજ તે તેમ થાય છે. મારે કોઇ પણ ચીજ લેવી હોય તો હું મારા હાથને કહું છું કે તે મને આપો, અને મારા હાથ મારો વખત ગુમાવતા નથી. એક ક્ષણમાં તે પહોંચે ને મારે જે જોઇએ તે આપે છે. જો હું ભુખ્યો થાઉં તો મારા હાથ મારા મોંહમાં ખોરાક મુકે છે ને મારૂં મોઢું ખાય છે. જો મારે કાંઇ જોવાની ઇચ્છા થાય તો મારી આંખ મને તે એકદમ બતાવે છે. જો મારે સુંઘવાની મરજી થાય તો મારે માટે મારૂં નાક સુંઘે છે.

૧૦ આ દશ ચાકર હંમેશાં તૈયાર હોય છે. કોઇ પણ ચીજ કરવાને મારે તેને બે વાર કહેવાની જરૂર પડતી નથી. મારે તેને જગાડવા પડતા નથી ને એવું કહેવું પડતું નથી કે ઉઠો આ કરો ને તે ન કરો. વેંકટના ચાકરો જે જે કરે છે તે મારા ચાકરો મારે માટે કરે છે.

૧૧. જ્યારે મહેતાજીએ એ સાંભળ્યું ત્યારે તે ઘણાં ખુશી થયા. તેણે કહ્યું સાબાશ, દુનીઆમાં સૌથી સારા ચાકર તારે છે. જ્યાંસુધી તમે તેના પર ભરોસો રાખો છો ને ભાડુતી ચાકર પર રાખતા નથી ત્યાંસુધી મારા છોકરા દુનીઆમાં તારૂં ચાલશે ને સારૂં કરીશ.

## ૧૬. બિલાડીને ઘંટ બાંધવા વિષે.

૧. કેટલાક રમુજી નાના ઉંદર રમવાને દોડતા જતા હતા પણ એક ઘાતકી ઘાતકી, બિલાડી રસ્તામાં પડી હતી. તેઓ ઘણા બહાર ગયા, તેઓ થોડા પાછા આવ્યા, તેઓ કાંઇ કરી શકે છે કે નહિ તે જોવાને તેઓ મળ્યા.

૨. તે આપણને પકડે છે ને ખાઇ જાય છે, તે દીલગીરી ભરેલું પ્રારબ્ધ છે તે વહેલી કે મોડી આપણી પુંઠ પકડે છે. તે એટલી ધીમે આવે છે કે આપણે તે સાંભળી શકતા નથી. તે અવાજ કરતી

નથી પણ વધારે પાસે ને વધારે પાસે પેટે ચાલીને આવે છે. ભયની ચેતવણી આપવાને તે આવે તેની આપણને ચેતવણી આપવાને અને ઈજામાંથી આપણને બચાવવાને આપણે શું વિચાર કરીએ.

૩. બીલાડીને અટકાવવાનો કોઈ રસ્તો શોધી કાઢવાને એક ઉંદરે આમ કહ્યું, બીજાએ તેમ કહ્યું. આખરે એક નાના ઉંદરે કહ્યું આ બનાવને બંધ બેસ્તુ કાંઇ કરવાને મેં વિચાર કર્યો છે. હું ધારૂં છું કે બિલાડીનાં ગળાની આસપાસ તેની હીલચાલની ખબર આપવાને એક નાનો ચકચકિત ઘંટ આપણે બાંધવો જોઈએ. જ્યારે તે હાલશે ત્યારે તે વાગશે ને ઘણીજ ખુલ્લી રીતે કહેશે કે આવે છે, આવે છે, રસ્તામાંથી દુર થાઓ.

૪. આપણે ઉંદરો સાંભળવાને ઘણા ચાલાક છીએ, આપણે વધારેવાર ધાસ્તીમાં રહેવું પડશે નહિ. આપણે સુખી થઇશું, રાજી રહેશું ને છુટા થઇશું. આપણા સઘળા દિવસ આનંદમાં જશે.

૫. ઉંદરોએ કહ્યું ઠીક ઠીક, તેઓમાંના દરેક એકમત થયા. તે કરવાને નક્કી ઘણી ઉત્તમ વાત છે.

૫. પછી એક ડાહ્યો ઘરડો ઉંદર પોતાની જગ્યાએ ઉભો થયો ને ઘણા ગંભિર ચહેરાથી ધીમેથી તેણે કહ્યું યુક્તિ સારી છે, તેનો વિચાર કરૂં છું પણ બિલાડીને ઘંટ બાંધવાનું કોણ માથે લેશે ?

૭. એક બીજા સામું જોયું કોઇ પણ હાલ્યું ચાલ્યું નહિ. ચુપકી ભયંકર હતી, કોઇ પણ એક શબ્દ બોલ્યું નહિ. પછી તે ઘરડા ઉંદરે કહ્યું શું કોઇ કરી શકતું નથી. બોલવું એ મુર્ખાઇ ભરેલું છે, એમ હું ધારૂં છું તમે ધારતા નથી ?

## ૧૭. છોકરો ને ન્યાયાધિશ.

૧. રામુ આઠ વરસનો નાનો છોકરો હતો. તે ઘણી સારી રીતે અંગ્રેજી બોલી શકતો હતો. તેનો બાપ એક અંગ્રેજ ન્યાયાધિશના હાથ નીચે કલાર્ક હતો. તે વારંવાર ન્યાયાધિશને મળવા જતો. એક સાંજે તે રામુને જોડે લઇ ગયો. ન્યાયાધિશ તેની સાથે ઘણી માયાથી બોલ્યો ને રામુને આનંદ થયો.

૨. ન્યાયાધિશે રામુના બાપને કહ્યું, તમારો છોકરો કેટલા વ-રસનો છે ? તેણે જવાબ આપ્યો કે સાહેબ, આવતી કાલે રામુ આઠ વરસનો થશે. ન્યાયાધિશે કહ્યું, કાલે એનો જન્મદીવસ છે. આવતી કાલે એ મારી પાસે આવે ને મને મળે. હું સહવારમાં ૭ વાગતે ફરવા જાઉં છું, તે વખતે એને મોકલજો. બાપે પુછ્યું કે હું તેની સાથે આવું ? ન્યાયાધિશે કહ્યું, ના, તેને એકલો આવવા દેજો.

૩. બીજે દીવસે રામુ બહુ વહેલો ઉઠયો ને ઘણી સંભાળથી કપડાં પહેર્યાં. તેણે એક સ્વચ્છ સફેદ ખમીસ, એક સ્વચ્છ કબજો ને નવી ટોપી પહેર્યાં. પછી તે ન્યાયાધિશને ઘેર જવાને નિકળ્યો. જ્યારે તે ત્યાં પહોંચ્યો ત્યારે તે દરવાજા બહાર ઉભો રહ્યો ને રાહ જોઇ રહ્યો. ૭ વાગતે ન્યાયાધિશ ફરવાને માટે બહાર આવ્યા. તેના એક હાથમાં ચોપડી ને બીજા હાથમાં ફરવા જવાની લાકડી હતી. જ્યારે તેણે રામુને જોયો ત્યારે તે ચુપચુપ ઉભો રહ્યો ને હસ્યો.

રામુ—સાહેબ, જતી વખતની સલામ (ગુડબાઇ),

ન્યાયાધિશ—રામુ ગુડમોરનીંગ (સહવારની સલામ) હું તારી સાથે વાત કરૂં તે પહેલાં તું ચાલી જવા માંગે છે ?

રામુ—અરે સાહેબ ના, હું તમને મળવા આવ્યો છું.

ન્યાયાધિશ—ત્યારે તું ગુડબાઇ કેમ કહે છે ?

રામુ—ગઇ કાલે જ્યારે હમે જતા હતા ત્યારે બાપાએ તમને ગુડબાઇ, સાહેબ, એમ કહ્યું, અને તમે પણ ગુડબાઇ કહ્યું. તેથી મેં ધાર્યું કે જ્યારે હું તમને મળું ત્યારે મારે ગુડબાઈ કહેવું જોઇએ.

ન્યાયાધિશ—મારા છોકરા, નહિ, નહિ, જ્યારે આપણે જતા રહીએ ત્યારે આપણે ગુડબાઈ કહીએ છીએ. તું જ્યારે કોઇને મળે ત્યારે તારે ગુડબાઇ કહેવું ન જોઇએ.

રામુ—સાહેબ, ગુડબાઇનો શો અર્થ થાય છે ?

ન્યાયાધિશ—ગુડબાઇ એ પ્રભુ તમારાપર મહેરબાન રહે એ કહેવાની ટુંકી રીત છે.

રામુ–તમે મને મહેરબાની કરીને કહેશો. સાહેબ, જ્યારે હું તમને મળ્યો ત્યારે મારે શું કહેવું જોઇતું હતું ?

ન્યાયાધિશ–ગુડમોરનીંગ સાહેબ, એમ કહેવું જોઇતું હતું.

રામુ–સાહેબ જો હું તમને બાર વાગતે મળવા આવું તો ત્યારે મારે શું કહેવું ?

ન્યાયાધિશ–જો તું દીવસની વખતમાં દશને બારની વચમાં આસરે આવે ને આસરે બે વાગતે આવે ત્યારે તારે ગુડડે એમ કહેવું જોઇએ; જો તે વખત બપોર પછીનો હોય તો તારે ગુડ આફ્ટરનુન કહેવું જોઇએ.

રામુ–જ્યારે હું તમને મળવા આવું ત્યારે, સાહેબ, ગુડમોરનીંગ એમ કહેવું જોઇએ; ને જ્યારે હું જાઉં ત્યારે નહિ ?

ન્યાયાધિશ–અરે ના. જ્યારે તું આવે ને પાછો જાય ત્યારે, બંને વખતે તું ગુડમોરનીંગ સર એમ તું કહી શકે; અથવા તું જાય ત્યારે અથવા તમે જાઓ ત્યારે ગુડબાઈ એમ કહેવું. પણ જ્યારે તું કોઇને મળે ત્યારે ગુડબાઇ કહેવું નહીં.

રામુ–સાહેબ, મારે રાત્રે શું કહેવું ?

ન્યાયાધીશ–તું જતો રહે ત્યારે ગુડનાઇટ સાહેબ અથવા ગુડબાઇ સાહેબ કહી શકે. ને જ્યારે રાત્રે તું સુવા જાય ત્યારે તારા બાપ–માંને બાઇબહેનને ને બીજું કોઇ તારા ઘરમાં રહેતું હોય તેને ગુડનાઈટ એમ તારે કહેવું.

રામુ–જે દોસ્તદારને હું સારી રીતે ઓળખતો હોઉં તેને હું મળું તો મારે શું કહેવું જોઈએ.

ન્યાયાધિશ–તું ગુડમોરનીંગ, ગુડડે, કે ગુડઇવનીંગ, કહી શકે અથવા તમને કેમ છે કે તમારી શી ખબર છે એમ તું કહે. પણ રામુ આજે તારો જન્મદીવસ છે. કેમ રામુ એમ છે કે નહિ ? જો તારે માટે આ ચોપડી છે. જન્મદીવસની ભેટ તરીકે હું તને એ આપું છું. ને હું ઇચ્છું છું કે તને બીજી ઘણી વર્ષગાંઠ આવો.

રામુ–સાહેબ, આપનો આભાર માનું છું. તમે મને આ સુંદર ચોપડી આપી તેમાં ઘણી મહેરબાની થઈ. હું તે વાંચવાને પ્રયત્ન કરીશ.

ન્યાયાધિશ–રામુ, એ ખરૂં છે. જો તું તે તદ્દન સમજી ન શકે તો તને મદદ કરવાને તારા બાપને કહેજે. તે ચોપડી વાર્તાથી ભરપુર છે.

રામુ–મહેરબાન સાહેબ, એક બીજો સવાલ હું તમને પુછું?

ન્યાયાધિશ–રામુ, બેલાશક પુછ.

રામુ–સાહેબ, ઘણી સુખી વર્ષગાંઠ આવો એટલે શું?

ન્યાયાધિશ–રામુ, તે આપણા મિત્રને તેના જન્મદીવસે આપણે કહીએ તે છે. એનો અર્થ એ થાય છે કે તમે ઘણાં વર્ષ સુખી જીવો. આ વર્ષગાંઠ ઘણી વખત તમને આવો. તમે દરેક વખતે સુખી થાઓ. હવે હું ફરવાને જાઉં છું. તેથી તું ઘેર પાછો જા.

રામુ–સાહેબ, તમારો આભાર માનું છું. સાહેબ, ગુડબાઈ.

## ૧૮. હોંશિઆર કાગડો.

૧. એક ઉનાળાના ગરમ દીવસે એક નાની કાગડીને પીવાને જરા પણ પાણી જડયું નહિ. કયાં જવું તે નાની કાગડીને ખબર નહોતી, તે શાંત રીતે બેઠી ને વિચાર કરવા મંડી.

૨. પછી તે એક ઝાડથી બીજે ઝાડ આમતેમ ઉડી, જ્યાં સુધી તે એક વાડી પાસે આવી ને ત્યાં જમીન ઉપર એક વાસણ હતું ત્યાં સુધી તે કોઈપણ ઠેકાણે પાણી ટીપું જોઈ શકી નહિ. તેણે વિચાર્યું અરે મને હવે પાણી જડયું છે.

૩. તળીએ પાણી સ્વચ્છ ને ચકચકિત હતું; તે કાગડીએ વિચાર્યું કે હું એ પાણી મેળવીશ. બીક રાખીશ નહિ. તેથી તે ડાળીપરથી કુદકો મારે છે ને નીચે ઉડીને આવે છે ને પોતાની તરસ મટાડવાને એકદમ પ્રયત્ન કરે છે.

૪. અફસોસ! પાણી ઘણું નીચું છે. તણાઇ તણાઇને શરીર લાંબું કરીને પહોંચવું એ સઘળું ફોગટ છે તેથી તે પાણી સુધી પહોંચી શકી નહિ.

૫. પછી તેણે બુમ પાડીને કહ્યું હું તેને ઉંધો વાળીશ, ને મારાં બધા જોરથી ધક્કો મારીને પાડી નાંખીશ. તેણે પાડી નાંખવાનો ફોગટ પ્રયત્ન કર્યો ને પછી આખરે તે કામ છોડી દીધું.

૬. તેણે કહ્યું હું જોઉં છું કે એમ બની શકશે નહિ. તે વાસણનું વજન ઘણુંજ છે. હું પ્રયત્ન કરવાનું જારી રાખીશ નહિ ને એમ છતાં તરસ લાગવાથી મરી જાઉં છું.

૭. આખરે તેના નાના કાળા માથામાં એક વિચાર આવ્યો; તેણે કેકે કર્યું, તેની ખુશાલીમાં મોટેથી તેણે કેકે કર્યું; જેવામાં તેણે કહ્યું કે મને લાગે છે કે પાણીને હું પહોંચી શકતી નથી પણ પાણીને મારી પાસે ઉંચું લાવીશ.

૮. તેથી આ નાની ઘણી ડાહી કાગડી પોતાની ચાંચમાં કાંકરા લાવીને જ્યાં સુધી પાણીને ઉપર આવતું જોયું ત્યાં સુધી તેને પાણીમાં નાંખ્યા.

૯. બરાબર છ કાંકરા વધારે તે કોર સુધી ચઢે છે ને હવે તે પીએ છે. આ પ્રમાણે ચતુરાઈ ફાયદો કરે છે. જ્યાં જોર માત્ર નિષ્ફળ થાય છે ને ધીરજ ફતેહનો ડંકો બજાવે છે.

## ૧૯. નઠારી ભાષા વાપરવા સામે.

૧. રામ નામનો એક નાનો છોકરો દરરોજ નિશાળે જતો. તે આઠ વર્ષનો હતો ને તેના માબાપનો એકનો એક છોકરો હતો જે માબાપ તેને ઘણું ચાહતા. એક દીવસે તેના શિક્ષકે તેના બાપને કહેવડાવ્યું કે તેણે નિશાળમાં ઘણી ખરાબ ચાલ ચલાવી છે.

૨. બીજે દીવસે સહવારે તેણે નાસ્તો ખાધો તે પછી અને જેવો તે નિશાળે પોતાના હાથમાં ચોપડી લઇને જતો હતો તે વખતે તેના બાપે તેને બુમ પાડીને કહ્યું રામ એક મીનીટ થોભ. મારે તને કાંઇ કહેવાનું છે.

૩. જ્યારે તેની માએ આ સાંભળ્યું ત્યારે તે આવી ને તેને શું કહે છે તે સાંભળવાને બારણાનાં પગથીઆં ઉપર નજદીક ઉભી. તેના બાપે કહ્યું તારા મહેતાજી એમ કહે છે કે તું ગઈ કાલે ઘણી ખરાબ રીતે વર્ત્યો. આ સાંભળવાથી મને ઘણી દીલગીરી થાય છે. તેં શું કર્યું ?

૪. રામે જવાબ આપ્યો મેં કાંઇ ખોટું કર્યું નથી. મેં ગોવિંદની ચોપડી પાટીઆની જમીન ઉપર પાડી નાંખી. અને તેણે મને

ગાળ દીધી તેથી તેના બદલામાં મેં તેને ગાળ દીધી. તેણે ગડબડાટ કર્યો ને મને ગાળ દીધી. મેં પણ એમજ કર્યું. બાપા, આ શું ખોટું હતું? શિક્ષક મારા ને ગોવીંદ બંનેપર ગુસ્સે થયા.

૫. તેના બાપે જવાબ દીધો મારા વહાલા છોકરા, તેં ખોટું કર્યું, મને કહેવામાં તારા શિક્ષક તદન ખરા છે. તારે કોઇને કદી ગાળ દેવી નહિ. એક સારો છોકરો બીજા જ્યારે તેને ગાળ દે છે તો પણ કદી ગાળ દેતો નથી. સારા છોકરાના મોંહમાંથી ગાળ નીકળવી જોઈએ નહિ. ખરાબ શબ્દ કચરા જેવા છે. તેઓ તને બગાડે છે. અરે! મારા છોકરા, ફરીથી ખરાબ શબ્દ વાપરતો નહિ.

૬. તેની માએ કહ્યું એ સાચું છે. માત્ર ખરાબ છોકરા ખરાબ શબ્દ વાપરે છે. તેં તારા બાપને ખરાબ શબ્દ વાપરતા કદી સાંભળ્યા છે? મારા વહાલા છોકરા તેં સાંભળ્યા છે? એ તને જે કહે છે તેનાપર ધ્યાન આપ ને જેમ કહે છે તેમ કરજે.

૭. રામ સારો છોકરો હતો. તે તેના બાપ ને માને ચાહતો અને તેણે તેમને રાજી રાખવાને ઇચ્છિયું. તેણે કહ્યું બાપા, ખરાબ શબ્દ હું ફરીથી વાપરીશ નહિ ને તેણે તેનું વચન પાળ્યું.

## ૨૦. ઘાસની ગંજી માંહેલો કુતરો.

૧. એક ઘરડો બળદ જેણે આખો દીવસ સખત કામ કર્યું હતું, તે સાંજના ઘાસનું ભોજન કરવાને ઘેર આવ્યો. પણ જ્યારે તે ચાલીને આવ્યો ને પોતાના ગભાણમાં જોયું ત્યારે પોતાના ભોજન ઉપર એક અજાણ્યાને જોયો અને એક ગુસ્સાભરેલા અવાજે બુમ પાડી બાઉવાઉવાઉ હું ઉંઘ લઉં છું, તું હમણા અત્રે આવી શકશે નહિ.

૨. પણ બળદે કહ્યું કુતરા, તું ઘાસ ખાઇ શકતો નથી. કુતરાએ કહ્યું, હા, હા, તે હું જાણું છું, જતો રહે. હવા ગરમ છે, મારે સુવાની જરૂર છે. તું જોય છે તેમ હું આ રહ્યો ને અહિંઆ હું રહીશ.

૩. તેણે બચકું ભરવા માંડ્યું. તેણે ઘુરકવા માંડ્યું ને લડવા માંડ્યું. તેથી તે બળદ કુતરો કેવી રીતે કરડે છે તે સારી રીતે જા-

સુતો હોવાથી ગોળ ફરીને ચુપકીથી ફરી ગયો ને ભુખ્યો ચાલ્યો ગયો ને તે દીવસે બીલકુલ ખાવાનું ખાધું નહિ.

જે કોઇ આપમતલબીઓ હોય છે તે ગભાણમાંનો કુતરો કહે-વડાવવાને ભયમાં રહે છે.

## ૨૧. લાભકારક સાટું.

૧. ગોપળ–વેંકટ, તું મારી સાથે બજારમાં આવીશ ? હું થોડી મીઠાઇ લેવા જાઉં છું. હું તને થોડી આપીશ.

૨. વેંકટ–અરે હા, હું આવીશ. મીઠાઇ ખરીદવાને તારી પાસે કેટલા પૈસા છે ?

૩. ગોપાળ–મારી પાસે બેઆની છે.

૪. વેંકટ–અરે, તું પૈસાદાર છે ? એટલા બધા પૈસા તને ક્યાંથી મળ્યા ?

૫. ગોપાળ–તું સોનીના છોકરા રંગુને ઓળખે છે જે આપણી નિશાળે આવે છે. મેં તેની સાથે હમણાંજ સારૂં સાટું કર્યું છે. મેં બે આનામાં મારો કનકવો વેચ્યો છે.

૬. વેંકટ–તેણે તને તે માટે એટલું બધું કેમ આપ્યું ? તું જાણે છે કે તેં તેનો માત્ર એક આનો આપ્યો હતો. રંગુ બે આનામાં બે નવા કનકવા લાવ્યો હત.

૭. ગોપાળ–હા, પણ તે તે જાણતો નહોતો. તે નાનો છે. તે કોઇપણ ચીજની કીંમત જાણતો નથી. મેં તેને કહ્યું કે મેં ચાર આનામાં તે કનકવો લીધો છે ને કહ્યું કે હું તને તે અડધી કીંમતે આપીશ. તેના બે આના આપવાને તે બહુ રાજી હતો.

૮. વેંકટ–અને એ પ્રમાણે એક નાનો છોકરો જેણે તારા બોલવા પર ભરોસો રાખ્યો તેને ચાર પૈસા માટે છેતરવાના હેતુથી તેં જુઠું કહ્યું. અને આજે તું લાભકારક સાટું કહે છે. જતો રહે! મને શરમ લાગે છે. હું એક જુઠાને ઠગારાનો દોસ્તદાર થઇશ નહિ. હું તારી સાથે હવેથી બોલીશ નહિં અને રંગુને તેં કેવી રીતે ઠગ્યો છે તે હું કહીશ. હું તેને કહીશ કે તારે તેનો કદી ભરોસો કરવો નહિ.

૯. ગોપાળ—અરે વેંકટ, મને શરમમાં ન નાંખ. હું મારી જાતે રંગુને કહીશ, ને હું તેને પૈસા પાછા આપીશ. મેં જુઠું કહ્યું તે માટે હું ઘણો દીલગીર છું.

૧૦ વેંકટ—બહુ સારું, ત્યારે હું હવે તારો દોસ્તદાર થઇશ. પણ રંગુ પાસે એકદમ જા ને તેને કહે કે હું ઘણો દીલગીર છું. તે નાના છોકરાને તેના પૈસા પાછા આપ. ગોપાળ તું કદી ભુલીશ નહિ કે માણુસો જે સાચું બોલે છે તેને ચાહે છે. માણુસો જુઠાનો ભરોસો કરતા નથી. એક બે વખત તું જુઠું કહીને થોડો નફો કરશે પણ જેવું માણસને માલમ પડશે કે તું જુઠો છે તેવું જો તું સાચું બોલતો હશે તોપણ કોઇપણ તારો ભરોસો કરશે નહિ.

## ૨૨. પવન ને સુર્ય.

૧ પવને સુરજને કહ્યું હું તમારા કરતાં જબરો છું. સુરજે પવનને કહ્યું એ વાત સાચી હોવાનો મને શક રહે છે. પણ ચાલો આપણે અજમાવી જોઇએ, ને જોઇએ કે હું ને તું બેમાંથી એક પેલા મજબુત જુવાન માણુસનો જાડો ડગલો ઉતરાવી શકીએ છીએ કે નહીં તે એક સારી મજાક થશે. જે કોઇ ફતેહ પામશે તે વધારે જોરાવર ગણાશે અને પછી તે બાબતનો ટંટો કદી કરવાની જરૂર રહેશે નહિ.

૨. પવને કહ્યું કેવી ગમત. તે હમણા અમલમાં મુકવામાં આવશે તેથી તેણે ફુંકવા માંડયું ને ફુંકવા માંડયું ને તેણે તે માણસને ઠંડો ગાર કરી નાંખ્યો. તે માણસે કહ્યું મને મારા ગળામાં સખત સળેખમ થશે. ને જેમ જેમ પવન ફુંકતો ગયો તેમ તેમ તે વધારે ઠંડો થતો ગયો ને તેણે પોતાના જાડા કાળા ડગલાનાં બોરીઆં વધારે તંગ બાંધ્યાં.

૩. સુરજે કહ્યું ચાલો, હવે હું ધારું છું કે મારો વારો છે. તું હમણાંજ જોશે કે તારે કાંઇ શીખવાનું છે. તોફાન થઇ રહ્યા પછી ધીમેથી ને શાંત રીતે ધીમો ને ગરમ સુરજનો તડકો આવ્યો.

જ્યાં સુધી બધી હવા વાદળાંવાળી હોય એવું દેખાયું ત્યાં સુધી કીરણો વધારે ને વધારે ગરમ પડતાં ગયાં. તે માણસે કહ્યું અરે! હું શું કરૂં, મને ઘણી ગરમી લાગે છે. એવામાં તેના ચહેરાપર મોટા રેલા પડવા માંડયા ત્યારે તેણે પોતાનો ડગલો ઉતારી નાંખ્યો કારણ કે તે સહન કરી શકતો નહોતો. તે તેને ઘેર લઇ ગયો કેમકે તે પહેરી શકતો નહોતો.

સુરજને પવને કહ્યું તેં મારાપર જીત મેળવી છે. હું જોઉં છું કે તું મારા કરતાં ઘણોજ મજબુત છે.

## ૨૩. કાગળ લખવા વિષે.

બાપ–ગોવીંદ, તું શું કરે છે?

ગોવીંદ–બાપા, હું કાગળ લખું છું.

બાપ–અડધો કલાક થયાં ટેબલ આગળ તું બેસી રહ્યો છે. તારો કાગળ લગભગ પુરો થવા આવ્યો છે?

ગોવીંદ–ના બાપા, મેં હજી પુરો કર્યો નથી.

બાપ–મને તારો કાગળ જોવા દે. અરે, તેં તો હજી શરૂજ કર્યો નથી!

ગોવીંદ–બાપા, કાગળ કેમ લખવો તે હું જાણતો નથી. કેશવને કાગળ આજે લખવાનું વચન આપ્યું છે. મેં વારંવાર પ્રયત્ન કર્યો છે પણ શું લખવું તે હું જાણતો નથી.

બાપ–જો કેશવ અહિંઆ હોત તો તું તેની સાથે વાત કરી શકત, તું કરી શકત કે નહિ? શું કહેવું તે તું જાણત. તારે અડધા કલાક સુધી શાંત બેસી રહેવું જોઇએ નહિ ને કાંઇ લખવું ન જોઇએ?

ગોવીંદ–અરે ના બાપા. કોઇ સાથે વાત કરવી સહેલી છે પણ લખવું ઘણું અઘરૂં છે.

બાપ–ઠીક મારા છોકરા, કાગળ કેમ લખવો તે હું તને કહીશ. એમ ધાર કે કેશવ તારા મોંહ આગળ અહિંઆ ઉભો છે. જાણે તે અહિંઆ હોય તેમ તું તેને જે. જે કહેતો હોય તે લખી લે. જ્યારે

જ્યારે તું કોઇને લખે ત્યારે ત્યારે આમ કરજે. જાણે માણસ તારી પાસે ઉભો હોય તેને જે તું કહેતો હોય તેમ લખ.

ગોવીંદ—પણ કાગળ કેમ શરૂ કરવો તે હું જાણતો નથી.

બાપ—કોઇપણ કાગળ કેમ શરૂ કરવો તે હું તને કહીશ. જો તું મારાપર, તારી માપર, તારા કાકાપર કે તારી કાકીપર લખતો હોય તો આ રીતે શરૂ કર. મારા વહાલા પિતા, મારી વહાલી મા, મારા વહાલા કાકા કે મારી વહાલી કાકી, અમારી સાથે બોલવાની આ રીત છે ને એજ રીતે તું લખ.

જ્યારે તું તારી બહેન સીતાને, તારા ભાઇ રામુને કે તારા પિત્રાઈ ભાઇ વીટુને લખતો હોય ત્યારે મારી વહાલી સીતા અથવા મારી વહાલી બહેન એમ લખવાનું શરૂ કરવું. તું તારા ભાઇને મારો વહાલો રામુ કે મારા વહાલા ભાઈ એમ લખી શકે ને તારા પિત્રાઇ ભાઇ વીટુને લખતાં મારા વહાલા વીટુ અથવા મારા વહાલા પિત્રાઇ ભાઇ એમ શરૂ કરવું.

જ્યારે તું નિશાળમાં તારા મહેતાજી સાથે બોલતો હોય ત્યારે તારે તેને સાહેબ કહીને બોલાવવા. અને જ્યારે તું કોઇ અજાણ્યા માણસ સાથે અથવા કોઈ માણસ જેને તું ઓળખતો નથી તેની સાથે બોલતો હોય તો તારે સાહેબ એમ કહેવું જોઇએ.

એજ પ્રમાણે તું તારા મહેતાજીને અથવા કોઇ અજાણ્યા માણસને લખતો હોય ત્યારે મારા વહાલા સાહેબ અથવા વહાલા સાહેબ એવી રીતે કાગળ શરૂ કરવો.

જો તું કોઇ બીજો છોકરો જે કેશવના જેવો તારો મિત્ર હોય તેને તું લખતો હોય તો તું તેનું નામ દઇને બોલાવજે ને મારા વહાલા કેશવ, અથવા મારા વહાલા મિત્ર એમ શરૂ કરજે.

ગોવીંદ—ને બાપા મારે કાગળ કેવી રીતે પુરો કરવો?

બાપ—તારે તારો કાગળ આ રીતે પુરો કરવો જોઇએ.

તારા બાપને અથવા માને
હું છું
તમારો વહાલો છોકરો.
તારા કાકા કાકીને
હું છું
તમારો વહાલો ભત્રિજો.
તારા પિત્રાઇ ભાઇને
હું છું
તમારો પિત્રાઇ ભાઇ.
તારા ભાઇ અથવા બહેનને
હું છું
તમારો વહાલો ભાઇ.
જે મિત્રને તું સારી રીતે ઓળખતો હોય તેને
હું છું
તમારો ખરા દિલવાળો મિત્ર.
અથવા હું છું
તમારો નિષ્કપટ મિત્ર.
અજાણ્યાને
હું છું
તમારો નિમકહલાલ મિત્ર.
તારા મહેતાજીને
હું છું
તમારો તાબેદાર શિષ્ય.

## ૨૪ મરજીથી કામ કરો.

૧. છોકરાઓ જ્યારે તમારે કામ કરવાનું હોય ત્યારે મરજીથી કરો. છોકરાઓ જેને ટોચે ચઢવું હોય તેણે પહેલાં ટેકરી પર ચઢવું જોઇએ.

૨. છોકરાઓ તળેટી આગળ ઉભા રહીને આકાશ તરફ જોઇને છોકરાઓ જો તમે કદી પ્રયત્ન નહિ કરો તો તમે ઉપર કેમ ચઢી શકશો?

## ૨૫. ભલી રાણી વિક્ટોરીઆ.

૧. રાણી વિક્ટોરીઆ એક મહાન રાણી હતી. તે વળી ઘણી ભલી સ્ત્રી હતી.

૨. જ્યારે વિકટોરીઆ એક નાની છોકરી હતી ત્યારે તે જાણુતી નહોતી કે હું એક દીવસ ગ્રેટબ્રિટન ને આયર્લાંડની રાણી થઇશ. તે વખતે ચોથો વિલિઅમ રાજા હતો ને તે વિકટોરીઆનો કાકો હતો તેને કોઇ છોકરાં નહોતાં.

૩. તેના દોસ્તદારો જાણુતા હતા કે જો તે જીવશે તો તે રાણી થશે. પણ જ્યાંસુધી તે બાર વરસની થઇ ત્યાંસુધી તે જાણુતી નહોતી.

૪. પછી એક દીવસ જ્યારે તે ઇતિહાસ વિષે પોતાનો પાઠ શીખતી હતી ત્યારે તેની માએ તેને કહ્યું કે જ્યારે ચોથો વિલિઅમ મરી જશે ત્યારે તું રાણી થશે.

૫. જ્યારે નાની શાહજાદીએ કહ્યું કે મા, તેં જે મને કહ્યું તેથી મને બીક લાગે છે ત્યારે તેની ભુરી આંખ આંસુથી ભરાઈ ગઇ. પણ હું મારી ફરજ અદા કરવાને પ્રયત્ન કરીશ ને હું ભલી થઇશ.

૬. તે દીવસથી તે નાની શાહજાદી પોતાના પાઠ શીખતી ને રાણી થવાને લાયક બનવાને તેનાથી બન્યું તેટલું સઘળું તેણે કર્યું.

૭. વરસો વહી ગયા, ને જ્યારે શાહજાદી વિકટોરીઆ અરાઢ વરસની થઈ ત્યારે તેનો કાકો ચોથો વિલિઅમ રાજા મરી ગયો. બે ગ્રહસ્થ માણુસને વીકટોરીઆ જે તે વખતે લંડનમાં એક મહેલમાં રહેતી હતી તેને ખબર પહોંચાડવાને સહવારના પહોરમાં ઘણુા વહેલા મોકલવામાં આવ્યા.

૮. જ્યારે તે બે ગ્રહસ્થો મહેલમાં આવ્યા ત્યારે તેને કહેવામાં આવ્યું કે શાહજાદી વિકટોરીઆ ઉંઘે છે. એમ છતાં તરતજ શાહજાદી તેમને મળવાને નીચે આવી.

૯. જેવામાં વિકટોરીઆને તેના કાકાના મોત વિષે કહેવામાં આવ્યું ત્યારે તેની આંખમાં આંસુ આવ્યાં. હવે તેને ખબર પડી કે હું રાણી થઇ છું ને મારે મોટું કામ કરવાનું છે.

૧૦. એક વરસ કરતાં વધારે વખત પછી વિકટોરીઆ રાણીને વેસ્ટમિનિસ્ટર એબીમાં મોટા ઠાઠમાઠથી રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

આ લંડનમાં મોટું દેવળ છે. તેમાં ઇંગ્લાંડના રાજારાણીને હમેશાં રાજ્યાભિષેક કરવામાં આવે છે. જ્યારે તેના માથાપર મુગટ મુકવામાં આવ્યો ત્યારે મોટા અમીરો અગાડી આવ્યા ને તેની અગાડીએ ઘુંટણીએ પડયા ને તેના હાથને ચુંબન કર્યું.

૧૧. પછી આ મોટા દેવલમાં બધા લોકો ઉભા થયા ને ઇશ્વર રાણીનું રક્ષણ કરો એ ગીત ગાયું. વિકટોરીઆ ત્રેસેંઠ કરતાં વધારે વર્ષ સુધી રાણી હતી. આટલા બધા વર્ષ દરમ્યાન તેણે પોતાની ફરજ અદા કરી. તેણે પોતાની રૈયતપર રાજ્ય કરવાનો પ્રયત્ન કર્યો જેથી તેઓ ભલા ને સુખી થાય.

૧૨. વિકટોરીઆ રાણી ઉપર ઘણાં સંતાપો ને દીલગીરી આવ્યાં. તેનો ધણી જેને તે ઘણીજ ચાહનાથી ચાહતી હતી તે મરી ગયો ને તેનાં કેટલાંક છોકરાં જ્યારે તેઓ નાનાં હતાં ત્યારે મરી ગયાં, તેના રાજ્ય અમલમાં ઘણાં યુદ્ધ થયાં અને તેથી તેને ઘણી દીલગીરી થઇ.

૧૩. પણ તેના આખા રાજ્યઅમલમાં ભલાં થવાનું ને પોતાની ફરજ બજાવવાનું પહેલું વચન તેણે પાળ્યું. તે ૧૯૦૧ માં ઇંગ્લાંડના બીજા કોઇપણ રાજારાણી કરતાં વધારે વખત સુધી રાજ્ય કરીને મરી ગઇ. તેની સઘળી રૈયતે તેને માટે શોક કર્યો કારણ કે તે ભલી માતા, ચાહનારી સ્ત્રી અને સાચી રાણી હતી.

## ૨૬. ઉંટ.

૧. ઉંટ રણ કહેવાતા ગરમ દેશમાં રહે છે.

૨. કેટલાક ઉંટને એક ખૂંધ કહેવાતો મોટો ગઠ્ઠો હોય છે ને કેટલાકને બે હોય છે.

૩. ઉંટ મજબુત હોય છે અને માણસોને લઇ જવાને ને ગરમ રેતીવાળાં મેદાનમાં થઇને ચીજો લાવવાને માટે ઘણું ઉપયોગી છે. ત્યાં એટલી ગરમી હોય છે કે કોઇપણ ઘોડો કે કોઇપણ બીજું પ્રાણી આ કામ કરી શકે નહિ. તેના પગ પહોળા, નરમ ને ચપટા હોય છે જેથી કરીને તે રેતીમાં પેસી જતા નથી.

૪. જે માણુસો ગરમ મેદાનમાં થઇને જાય છે તેને વારંવાર પાણી શોધવાને ઘણે દુર જવું પડે છે. ગરમ સુરજ મેદાનને સુકવી નાંખે છે ને પાણી તળાવ કે કુવા જે ઘણાં માઇલ દુર હોય છે ત્યાંજ માલમ પડે છે.

૫. ઘણે દુરથી ઉંટને પાણીની ગંધ આવે છે ને તે ત્યાં પહોંચે ત્યાં સુધી તે ચાલ્યાં કરે છે. પછી તેને પીવાનું સારૂં પાણી મળે છે. તેનો સ્વાર પણ નીચે ઉતરે છે ને તેવીજ રીતે સારૂં પાણી મેળવે છે ને પાણીથી મસક ભરી લે છે.

૬. રેતીવાળાં મેદાન ઉપર થઇને ઉંટ જાય છે તે પહેલાં તે પુષ્કળ પાણી પીએ છે જેથી કરીને જ્યારે તે કુવાથી ઘણે દુર હોય ત્યારે લાંબા વખત સુધી પાણી પીધા વગર તે જીવી શકે છે.

૭. રણ મોટાં મેદાન હોય છે જ્યાં રેતી વગર બીજું કાંઈ દેખાતું નથી. તેમાં કોઇ ઘોડા, ઝાડ, ગામડાં કે રસ્તા હોતા નથી. તે સમુદ્ર જેવાં દેખાય છે જ્યાં પાણીને બદલે રેતી હોય છે. માણુસો વહાણમાં બેસીને સમુદ્ર ઓળંગે છે અને ઉંટ માણસને એટલું ઉપયોગી હોય છે ને તેને સુકી રેતીવાળાં મેદાન ઉપર થઇને તેને લઇ જાય છે, તેથી રણનું વહાણ કહેવાય છે.

૮. માણસને સામાનને લઇ જતાં ઉંટની લાંબી હારને વણજાર કહે છે.

## ૨૭. હાથી વિષે.

૧. જે પ્રાણી જમીન ઉપર રહે છે તેમાં હાથી સૌથી મોટું પ્રાણી છે. તમે એવું એક પ્રાણી જોયું છે? હાથીનું ચીત્ર જુઓ.

૨. તેને એક મોટી સુંઢ હોય છે. તે પાંચ છ ફુટ લાંબી હોય છે. તે તેના માથાની અગાડીના ભાગમાં લટકે છે, સુંઢને છેડે તેને એક જાતનો હોઠ છે જે વીંટળાઇ જાય છે. તે વતી હાથી દરેક ચીજ ઉંચકી શકે છે. જમીન પર પડેલી એઆની પણ તે ઉપાડી લઇ શકે છે.

૩. હાથી પોતાની સુંઢ વતી ખાય છે. તે પોતાનો ખોરાક તેના વડે ઉંચકી શકે છે ને ખોરાકને પોતાના મોંહમાં મુકે છે. તે પોતાની

સુંઢવતી વળી પાણી પીએ છે તે તેને પાણીથી ભરે છે પછી તેનો છેડો પોતાના મોંહમાં મુકે છે ને પાણીને પોતાના ગળામાં રેડે છે.

૪. નર હાથીને બે લાંબા દંતુશળ હોય છે. તે ત્રણચાર ફુટ લાંબા હોય છે. તે ઘણા ધોળાં લીસાં ને કઠણ હોય છે. તે વડે તે ઝાડ ખોદી કાઢી શકે છે અથવા વાઘને મારી નાંખી શકે છે.

૫. હાથી ઘણા મજબુત હોય છે. જ્યારે પાળવામાં આવે છે ત્યારે તે માણસને માટે કામ કરે છે. હીંદુસ્તાન ને બ્રહ્મદેશમાં તેઓ સાગના લાકડાંની વખારમાં કામ કરે છે ને સાગનાં લાકડાં તથા બીજા ભારે વજન ઉંચકી શકે છે ને લઇ જઇ શકે છે.

૬. હાથી પોતાના દંતુશળ પર લાકડાનું ઢીમચું જે ચાર પાંચ માણસ ખસેડી શકતા નથી તે લઇ જાય છે. તે પોતાની પીઠપર પાંચ છ માણસ ઉપાડી જાય છે.

૭. તેની તપાસ રાખવાને, તેને ખવડાવવાને ને તેને હાંકવાને એક માવધ હોય છે. માવધ તેને પોતાની મરજી પ્રમાણે ઉભો કરી શકે છે અથવા નીચે બેસાડી શકે છે, ચલાવી શકે છે કે સ્થિર ઉભો રાખી શકે છે. તે તેના માવધને તાબે રહે છે.

૮. જંગલી હાથી જંગલમાં રહે છે. હીંદુસ્તાન ને બ્રહ્મદેશના જંગલોમાં ઘણા જંગલી હાથી હોય છે. ટેકરી પાસેના ઘીચ જંગલોમાં કોઇવાર તમે એક ટોળામાં સાઠ જેટલા જોઈ શકશો.

૯. જંગલી હાલતમાં હાથી વાંસ ને ઝાડનાં પાંતરાં ખાઇને રહે છે. જંગલી હાથીને પકડવામાં આવે છે ને પાળવામાં આવે છે.

## ૨૮. હીરા.

૧. એક વખત હીરા નામનો એક પાળેલો હાથી હતો. તે આખા દેશમાં સૌથી સુંદર હાથી હતો, તેનો ધણી રાજા તેને માટે ઘણો મગરૂર હતો. તે તાબેદાર, બહાદુર ને નમ્ર હતો. તે લડાઇમાં રાજાનો વાવટો લઇ જતો. તેની પીઠ ઉપર એક હોદ્દો કે બેઠક હતી. તેમાં બે ત્રણ માણસો બેસતા.

૨. તેનો માવધ તેની સાથે કદી ગેરવર્ત્તણુક ચલાવતો નહિ, ને માવધનાં છોકરાં ધાસ્તી વગર તેની સાથે રમતાં. હીરો માવધ, અને તેના છોકરાંને ચાહતો અને તેના વગર કોઇનું કહ્યું માનતો નહિ.

૩. એક દીવસ લડાઇમાં હીરાનો માવધ મરાયો. એક તીર તેને વાગ્યું તેથી તે મરી ગયો ને તે નીચે તુટી પડયો. હોદ્દામાંના માણુસો પણ માર્યાં ગયાં. તે વખતે રાજાનું લશ્કર નાસવા લાગ્યું. પણ હીરાના માવધે પોતે મરી ગયો તે પહેલાં તેને નાહ ખસવાને કહ્યું હતું.

૪. હીરો જાણતો નહોતો કે મારો માવધ મરી ગયો છે તેથી તેણે બીજો હુકમ સાંભળવાની ધીરજથી રાહ જોઇ. તરતજ એક તીર તેને વાગ્યું પણ હજી સુધી તે ખસ્યો નહિ. તે તેનાપર ફરકતા રાજાના વાવટા સહિત દૃઢ ઉભો રહ્યો. ચિત્રમાં તેને ઉભો રહેલો ને હવામાં ઉડતાં તીરો તમે જુઓ. માણુસો તેની આસપાસ બધે લડે છે.

૫. રાજાના સિપાઇએ લડાઇમાં હજી સુધી ઉડતો વાવટો જોયો. એ દેખાવથી તેમને આનંદ થયો ને તેઓ વધારે બહાદુરાથી લડવા મંડયા. એક ઘુમથી તેઓ દુસ્મન ઉપર ધસ્યા ને રણક્ષેત્રમાંથી દુસ્મનને મારી હઠાવ્યા.

૬. પણ હજી સુધી હીરો ખસ્યો નહિ. તેને એમ કોઇ કરાવી શકયું નહિ. આખરે કોઇએ કહ્યું માવધના નાના છોકરાને બોલાવો. કદાચ હીરો તેનું કહેલું સાંભળશે. તેથી તેઓ નાના છોકરાને લાવ્યા જે માત્ર નવ વરસનો હતો.

૭. તે નાના છોકરાએ હીરાને ધુંટણીએ પડવાનું કહ્યું. હીરાએ તેનો અવાજ જાણ્યો ને એકદમ તાબે થયો. પછી તે નાનો છોકરો તેની ગરદન ઉપર ચઢી બેઠો ને તેને ઘેર હાંકી ગયો.

૮. હીરો માત્ર એક પ્રાણી હતો, તોપણ હુકમ નહિ માનવા કરતા મરવાનું તે વધારે પસંદ કરત. તેની બહાદુરીથી ને તાબેદારીથી તેણે રાજાને માટે લડાઇ જીતી.

## ૨૯. બલદ ને દેડકો.

૧. એક બદામી રંગનો દેડકો છેક સહવારના પહોરમાં વહેલો પોતાના તળાવમાંથી કુદતો કુદતો બહાર આવ્યો. તે કુદતો ચાલ્યો ને કીનારાથી ઘણે દુર તે કુદતો કુદતો ચાલ્યો તે વખતેજ મળસકું થતું હતું.

૨. તે ઘણે દુર ગયો નહિ એટલામાં એકદમ તે ઉભો રહ્યો. તે મોટી ધાસ્તીમાં પાછો ફર્યો રખેને તેને હરકત આવે તેથી ઉતાવળમાં તે પોતાના તળાવમાં કુદતો પાછો આવ્યો.

૩. તેનો બાપ એક ઘરડો દેડકો જેણે તેને જતાં જોયો હતો તેણે કહ્યું મારા છોકરા, અરે શું થયું છે? તું માંદો થયો છે કે બીક લાગી છે કે તું ગાંડો થયો છે? તું શા માટે આટલો બધો ધ્રુજે છે?

૪. અરે બાપા ચાલો આપણે નાશી જઇએ, પાસે એક રાક્ષસ, છે, તે નાના દેડકાએ કહ્યું તે આપણને ખાઇ જશે. તે ઘર જેવડો મોટો છે. તેના માથાપર શીંગડાં છે, તેની ગરદન છેક ધોળી છે ને તેની પીઠ તદ્દન રાતી છે. ને તેની પુંછડી માટે પુછતા હો તો અને મેં જ્યારે તેની લંબાઇ જોઇને તેના જોર વિષે વિચાર કર્યો ત્યારે હું ધોળો પુણી જેવો થઇ ગયો.

૫. છીટ, છીટ, મોટા દેડકાએ કહ્યું મારા વહાલા છોકરા, એ તો બળદજ છે, તે ગરીબ ને નમ્ર છે, તે આપણને કાંઈ હરકત કરશે નહિ. તે દેડકો ખાતો નથી, તે કુતરાની માફક ભસતો પણ નથી કે કરડી ખાતો પણ નથી.

૬. તે ઉંચો છે એ ખરૂં છે, અને તેનાં શીંગડાં ને તેની પુંછડી જોવામાં બેલાશક ઘણાં દબદબાવાળાં છે. મગરૂર ઘરડા દેડકાએ કહ્યું પણ હું ધારૂં છું કે સઘળું જોતાં હું તેના જેટલોજ મોટો છું.

૭. તે બોલ્યો કે તરતજ તેણે પોતાનું શરીર ફુંકીને ઘણું મોટું કર્યું. પછી તે ટણટણ કરતો ચાલ્યો ને હસ્યો, તેણે મગરૂરીથી પોતાની છાતી થાબડી ત્યારે તેણે કહ્યું મારા છોકરા, આના કરતાં તે વધારે મોટો હતો?

૮. નાના દેડકાએ કહ્યું અરે વધારે મોટો, એ ખુલ્લું છે પણ જે તેણે કહ્યું તેથી ઘરડો દેડકો અચંબો પામ્યો, ને એકદમ તેણે ફરીથી પોતાના શરીરને ફુલાવીને મોટું કર્યું.

૯. તે ફુલતો ગયો ને ફુલતો ગયો ને તે સુજીને મોટો થતો ગયો. કોઇએ આવા જાડા દેડકાને કદી જોયો નહોતો. પછી તેના છોકરાની અગાડી ઉભા રહીને તે ઘણો શ્વાસ લીધો. શું તું ધારે છે કે તે આના કરતાં વધારે મોટો હતો.

૧૦. અરે વહાલા હો, તે આના કરતાં વધારે મોટો હતો. પણ મહેરબાની કરીને વધારે પ્રયત્ન કરતા નહિ. મને ધાસ્તી છે કે એમ કરવાથી તમારી તંદુરસ્તી બગડશે. ને મને ખાતરી છે કે તેથી તમારી જાતને નુકશાન થશે.

૧૧. પણ મેં અગાડી કહ્યું તે પ્રમાણે તે દેડકો મગરૂર હતો ને તેણે હજી વધારે પોતાનાં શરીરને ફુલાવવાને પ્રયત્ન કર્યો, તેની ચામડી તસતસ થઇ ને તેનો ચહેરો લાલચોળ થયો, તેની આંખો ઘણીખરી તેના માથામાંથી નીકળી પડી.

૧૨. પણ અફસોસ? આ સૌથી ખરાબ નહોતું, તે ફુલતો ગયો, ફુલતો ગયો, ફુલતો ગયો ને ફુલતો ગયો, લોકો કહે છે કે મને ખબર નથી કે આ વાર્તા સાચી છે કે નહિ. તેનું શરીર ફાટી ગયું ત્યાં સુધી તે પોતાના શરીરને ફુલાવતો ગયો.

## ૩૦. રામ અને ખીસકોલી.

૧. ઘણા વખત પહેલાં મોટા ને ભલા રાજા રામ ને પ્રિતીપાત્ર ખુબસુરત રાણી સીતા થઇ ગયાં. તેઓ રામના ભાઇ લક્ષ્મણ સાથે જંગલમાં એક ઝુંપડીમાં સાથે રહેતાં.

૨. એક દીવસ એક ખુબસુરત સોનાનું હરણ તેમની પાસે થઇને દોડી ગયું ને સીતાએ રામને તેને પકડવાને ને તેની પાસે લાવવાનું કહ્યું. રામ તેની પછવાડે ગયા. પણ પાછા આવ્યા નહિ. પછી લક્ષ્મણ રામને શોધવાને ગયા ને સીતાને એકલાં છોડી દીધાં.

૩. પછી રાવણ નામનો ઘાતકી રાજા આવ્યો ને દક્ષિણમાં ઘણે દૂર તેના મુખ્ય શહેર લંકામાં સીતાને લઇ ગયો.

૪. જ્યારે રામ પાછા આવ્યા ને માલમ પડ્યું કે સીતા પોતાની જંગલની ઝુંપડીમાં નથી ત્યારે તેને ઘણો સંતાપ થયો ને બધા પક્ષિઓ, પશુઓ ને માછલીઓને આવીને ને સીતાને શોધવામાં મદદ કરવાને બોલાવ્યાં.

૫. સૌથી પહેલાં જે આવી તે ખીસકોલી હતી. તે વખતમાં તેની ચામડી ઉપરનાં રૂવાં તદ્દન સોના જેવાં હતાં ને સૂર્યના તડકામાં

પ્રકાશતાં. તે હમણાં જેવી છે તેવી તે વખતે સુખી ને રમતીઆળ હતી. તે કુદતી કુદતી આવી. રામની તરવારપર કુદતી ચઢી બેઠી ને કહ્યું, શેઠ, સીતાને શોધી કાઢવાને તમને મદદ કરવાને તૈયાર થયલી હું આ રહી.

૬. જ્યારે રામે જોયું કે એ ખીસ્કોલી કેવી સુંદર ને બહાદુર છે ને મને મદદ કરવાને કેવી તૈયાર છે ત્યારે તેને ધીમેથી થાબડી ને કહ્યું તું એટલી બધી નાજુક ને નાના છે કે તું સીપાઇ થઇ શકશે નહિ ને ઘાતકી રાજા ને તેનાં લશ્કર સાથે લડી શકશે નહિ. જંગલના ફળ ખાતી આમતેમ દોડતી ને તારી માફક બીજાને સુખી કરતી રહે.

૭. તેણે આમ કહ્યું કે તરત રામે ખીસકોલીને તેની પીઠ થાબડી ને આશીરવાદ આપ્યો ને જ્યારે તેણે પોતાનો હાથ લઇ લીધો ત્યારે તેની આંગળીની નિશાનીઓ તેના સોનાના રૂવાંપર પડી; ને તેને તમે હમણાં પણ જોશો.

## ૩૬. આળસુ છોકરો.

૧. રંગા નામનો એક નાનો છોકરો એક વખત હતો. તે ઘણો નાનો ને માત્ર છ વરસનો હતો. તેનો બાપ દરરોજ તેને નિશાળે મોકલતો.

૨. એક સહવારે નિશાળે જવાને બદલે ગામડાંની બહાર ખેતરમાં ગયો. તે ઘણી ખુશકારક સહવાર હતી. સુર્ય પ્રકાશતો હતો ને પક્ષીઓ ગાતાં હતાં. રંગાને નિશાળે જવાનું ગમ્યું નહિ. તેની મરજી આખો દીવસ આમતેમ રમવાની હતી. પણ તેની સાથે રમનાર કોઇ નહોતું કેમકે ગામડાના બીજા બધા છોકરા નિશાળે ગયા હતા.

૩. તેથી જે કુતરો દોડતો જતો હતો તેને તેણે બોલાવ્યો અને કહ્યું કુતરા આવ ને મારી સાથે રમ. પણ કુતરાએ જવાબ દીધો કે ના, ના, મારે આળસુ થવું ન જોઇએ. હું મારા ધણીના ઘરની ચોકી કરવાને જાઉં છું. મારે જલદીથી દોડવું જોઇએ નહિ તો કોઇ ચોરો તેના ઘરમાં પેસી જાય.

૪. પછી રંગાએ એક કાગડાને તેના મોંહમાં લાકડી સહીત જોયો અને તેણે કહ્યું, કાગડા આવ ને મારી સાથે રમ.

૫. પણ કાગડાએ કહ્યું ના, ના, મારે આળસુ થવું જોઇએ નહિ. હું મારો માળો બાંધું છું અને વરસાદ આવે તે પહેલાં મારે તે પુરો કરવો જોઇએ. હું કોઈ સાથે રમી શકતો નથી. મારે આખો દીવસ કામ કરવું જોઇએ. તેથી તે કાગડો ઉડી ગયો.

૬. પછી રંગાએ કેટલીક મધમાખીને એક ફુલથી બીજા ઉપર આમતેમ ઉડતી જોઈ, અને તેણે કહ્યું સુંદર મધમાખી, ને મારી સાથે રમ.

૭. પણ મધમાખીએ કહ્યું ના, ના, અમે મધ એકઠું કરીએ છીએ. હમણાંજ ફુલો કરમાઈ જશે ને અમને મધ મળી શકશે નહિ. જ્યારે હમને મધ મળે ત્યારે અમારે એકઠું કરવું જોઇએ. અમારી સાથે વાત કર નાહિ. અમે એટલા બધા કામમાં છીએ કે વાત કરવાનો અમને વખત પણ નથી.

૮. પછી રંગાએ કેટલીક કીડીને ત્યાં થઈને જતાં જોઇ. દરેક કીડી પાસે ચોખાનો દાણો હતો જે તે લઇ જતી હતી, તેણે કહ્યું, કીડીઓ, એક મીનીટ ઉભી રહો ને મારી સાથે રમો. તમારું કામ પછી કરજો.

૯. પણ કીડીએ જવાબ આપ્યો. ના, ના, ખોરાક એકઠો કરવાનો યોગ્ય વખત છે. હમે ખોરાકનો હમણાં સંગ્રહ કરીએ છીએ જેથી કરીને મોસમમાં જ્યારે દાણો બીલકુલ ઉગતો નથી ત્યારે અમને ખાવાને ખોરાક મળે. અમે એક મીનીટ પણ ઉભા રહી શકીએ એમ નથી. હમણાં પણ તારી સાથે વાત કરવામાં અમે કેટલોક વખત ગુમાવ્યો છે. તેથી કીડીઓ જેટલી ઝડપથી તેના નાના પગ તેને લઇ જાય તેટલી ઝડપથી પોતાના દરમાં ચાલી ગઇ.

૧૦ પછી રંગાએ કહ્યું. અરે! ગામમાં મારા વગર કોઈ પણ આળસુ નથી? શું કુતરા અને પક્ષીઓ અને નાની કીડી ને મધમાખી પણ આટલી બધી ઉદ્યોગી છે? ત્યારે મારે પણ ઉદ્યોગી થવું જોઇએ. તેથી તેનાથી બની તેટલી ઝડપથી તે દોડતો નિશાળે ગયો ને મહેતાજી આવ્યા કે તરતજ તે ત્યાં પહોંચી ગયો.

સમાપ્ત.

# નોટીસ.

આથી સર્વને ખબર આપવામાં આવે છે કે નીચે લખેલી ચોપડીઓ સુરત નાણાવટ મધ્યે **મી૦ કરસનદાસ નારણદાસ** બુકસેલરની દુકાને મળશે.

| | |
|---|---|
| મેકમીલન ન્યુ રીડર્સ પ્રાઇમર ભાગ બીજાના મીનીંગ (તરજુમા સહીત) | ૦-૬-૦ |
| મેકમીલન ન્યુ રીડર્સ નં. ૧લાના ,, .... | ૦-૮-૦ |
| મેકમીલન ન્યુ રીડર્સ નં. ૨ ના ,, .... | ૦-૧૦-૦ |
| મેકમીલન ન્યુ રીડર્સ નં. ૩ ના ,, .... | ૦-૧૦-૦ |
| મેકમીલન ન્યુ રીડર્સ નં. ૪ ના ,, .... | ૦-૧૪-૦ |
| મેકમીલન ન્યુ રીડર્સ નં. ૫ ના ,, .... | ૦-૧૨-૦ |
| સ્ટાર ઓફ ઇન્ડીઆ રીડર્સ બુક થર્ડ .... | ૦-૬-૦ |
| સંસ્કૃત ગ્રામરની ગાઇડ .... .... .... .... | ૦-૧૦-૦ |
| ભરતખંડનો ઇતિહાસ-સાર.... .... .... .... | ૦-૧૦-૦ |
| પદ્માવતીની વાર્તા .... .... .... .... .... | ૦-૪-૦ |
| નળાખ્યાન સટી૦ મોદીકૃત.... .... .... .... | ૧-૨-૦ |
| ઇલીયડબુક પહેલી .... .... .... .... .... | ૦-૧૨-૦ |
| સેનફર્ડ મર્ટનના મીનીંગ .... .... .... .... | ૦-૧૨-૦ |
| ધી મીડલ સ્કુલ ઍરિથમેટીક .... .... | ૦-૧૪-૦ |

એ શિવાય બીજી બધી શાળોપયોગી ચોપડીઓ તથા નેલસન રીડર્સના મીનીંગો એ દુકાનેથી મળશે. જથાબંધ લેનારને સારૂ કમીશન આપવામાં આવશે.

---

Published
BALUBHAI KARSANDAS NARANDAS BOOK-SELLER,
NANAVAT—SURAT.

Printed by
TIKORDAS MANSING AT THE "SURAT CITY" P. PRESS,
NEAR CHATUA BRIDGE-SURAT.